Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# SHREE ATMANAND PRAKASH



પુસ્તક : ૯૭ ✠ અંક ૫-૬

ફાગણ-ચૈત્ર
માર્ચ-એપ્રીલ : ૨૦૦૦

✠ આત્મ સંવત : ૧૦૪ ✠
卐
✠ વીર સંવત : ૨૫૨૬ ✠
卐
✠ વિક્રમ સંવત : ૨૦૫૬ ✠

जलबुद्बुदवत् सर्वः प्रपञ्चोऽयं विनश्वरः ।
तत्र सम्मुह्य सन्मार्गं कदाचिन्मा स्म विस्मरः ।।

આ બધો ભૌતિક વિસ્તાર પાણીના પરપોટાની જેમ નાશવાન્ છે.
એમાં મોહિત થઇ કલ્યાણ સન્માર્ગને ભૂલી ન જા.

All this worldly expension if transitory like the bubbles of water. Be not infatuated towards it and never forget to follow the righteous path.

( કલ્યાણભારતી ચેપ્ટર-૨ : ગાથા-૧ * પૃષ્ઠ ૨૪૧ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પ્રાર્થના (કાવ્ય) .... .... .... | જયેન્દ્ર પંડ્યા | ૪૯ |
| (૨) | ઘર મંદિર બને તો પરમાત્મા દ્વારે ઉભેલો જ છે .... .... .... | શ્રી મહેન્દ્ર પુનાતર | ૫૧ |
| (૩) | અનુયોગદ્વાર સૂત્રમ્ ગ્રંથનું પ્રકાશન .... .... | — | ૫૬ |
| (૪) | સુખી થવું છે તો સંપત્તિની આસક્તિ છોડો.... .... .... | પારૂલ ભરતકુમાર ગાંધી | ૫૮ |
| (૫) | સ્વર્ગ કે નર્ક? તમે જ નક્કી કરો .... .... | — ધ્રૂની માંડલિયા | ૬૧ |
| (૬) | શ્રી જૈન આત્માનંદ સભા આયોજિત યાત્રાપ્રવાસ .... .... .... | અહેવાલ : મુકેશ સરવૈયા | ૬૩ |
| (૭) | કાળ .... .... .... | નરોત્તમદાસ અમુલખરાય કપાસી | ૬૫ |
| (૮) | પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો (ગતાંકથી ચાલુ * હપ્તો : ૧૮મો) .... | — | ૬૯ |
| (૯) | સત્કાર્ય તો સદાય મૌન જ હોય! .... .... | —ટા. પેજ | ૩ |


આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

**શ્રી જ્યોતિનભાઇ સી. શેઠ (વિરલ કોર્પોરેશન) : મુંબઈ–૫૪**

આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ

**(૧) શ્રીમતિ પ્રવિણાબેન બિપીનભાઈ વકીલ–ભાવનગર**

**(૨) શ્રી હરગોવિંદદાસ હરજીવનદાસ શાહ – ભાવનગર**

**(૩) શ્રી જયેશકુમાર અનોપચંદ ગાંધી – ભાવનગર**

પુન્યાઇ જરૂરી....

સચ્ચાઇ હોવી જ માત્ર પર્યાપ્ત નથી.
સાથે સાથે પુન્યાઇ પણ હોવી જરૂરી છે.
પુન્યાઇ હશે તો જ
સચ્ચાઇ–સાચી વાત સ્વીકાર્ય બનશે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ




## પ્રાર્થના

તું મને વધુ સુખ આપ, તે મારી માગણી નથી;
પણ કો'ક દુઃખિયારીનો સહારો બનું, તેવી બુદ્ધિ આપ.

મારી બધી ઇચ્છા પૂરી થાય, એ પણ માગણી નથી;
પણ કો'કની જરૂરિયાત પૂરી કરૂં, તેવી સમજ આપ.

મારો માર્ગ સરળ બનાવ, તે મારી માગણી નથી;
પણ કો'કની કેડીનો કંટક ન બનું, તેવા આશિષ આપ.

તારી સેવા કરી મુક્તિ પામું, એ પણ માગણી નથી;
પણ જે સેવા કરે છે તેને, આડે ન આવું તે શીખવ.

મને લાંબુ જીવન આપ, તે જરા પણ મારી માગણી નથી;
પણ જીવનમાં કો'કના માર્ગનું પગથિયું બનું, ન પથ્થર.

અંત સમયે મને દર્શન આપ, તે પણ હું માગતો નથી;
પણ તે સમયે મારી ભૂલોનો, પશ્ચાત્તાપ કરાવી માફી આપ.

— જયેન્દ્ર પંડ્યા

પ્રેષક : મુકેશ સરવૈયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભ્યતા અને અસભ્યતા વચ્ચે
# ખીલ્લી અને સ્ક્રુ જેટલો તફાવત....

ખીલ્લી પણ ભીંતમાં કે લાકડામાં બેસે છે અને સ્ક્રુ પણ ભીંતમાં કે લાકડામાં બેસે છે. પણ બન્નેની પ્રવેશવાની પ્રક્રિયા વચ્ચે કેટલો મોટો તફાવત છે ! ખીલ્લી ભીંતના કે લાકડાના છોતરાં ઉતારી નાખી દીવાલને, લાકડાંને અને પોતાને પણ દર્દ થાય એ રીતે ભીંતમાં પ્રવેશે છે. દીવાલનું અને લાકડાનું દર્દ તો જાણીતું જ છે, પણ ખીલ્લીનું દર્દ એના પર ઠોકાતાં હથોડાના માધ્યમે જાણી શકાય છે. આની સામી બાજુએ સ્ક્રુ ધીમે ધીમે અને હથોડાના માર ખાધા વિના જ અંદર પ્રવેશી જાય છે. આ જ રીતે ખીલ્લીને પાછી કાઢવી હોય ત્યારે પણ મુશ્કેલી પડતી હોય છે, જ્યારે સ્ક્રુ મુશ્કેલી વિના જ બહાર નીકળી જતો હોય છે.

વાણીનું પણ આવું જ છે. સ્નેહભરી વાણી સ્ક્રુ જેવી છે.
સભ્યતા જેવી છે, અસભ્ય વાણી ખીલ્લી જેવી છે.
સ્નેહભરી વાણી સામાના હૈયામાં સહેલાઇથી પ્રવેશી
શીતળતા અર્પે છે અને વધુ મજબૂત રીતે ટકે છે.
જ્યારે અસભ્ય વાણી ખીલ્લીની જેમ સામાના હૈયામાં
શૂળ માફક ભોંકાઇ કાયમ માટે દર્દભરી કડવાશ ઊભી કરે છે....

## SHASHI INDUSTRIES

Selarsha Road, BHAVNAGAR-364 001
Phone : O. 428254 - 430539


Rajaji Nagar, BANGALORE-560 010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઘર મંદિર બને તો પરમાત્મા દ્વારે ઊભેલો જ છે....



—શ્રી મહેન્દ્ર પુનાતર

**ધર્મનો** પ્રભાવ ચોમેર વધ્યો છે. ઉપાશ્રયો, મંદિરો અને દેરાસરોમાં લોકોની ભીડ જામે છે. મુનિ મહારાજો, સંતો અને ધર્મપુરુષોના વ્યાખ્યાનો સાંભળવા લોકો ઉમટે છે. આ બધું જોતાં એમ લાગે છે કે ધર્મ અને સંસ્કૃતિ હજુ ટકી રહ્યા છે. લોકોની આધ્યાત્મિક ભાવના વિકસી છે અને ધર્મનો જયજયકાર થઇ રહ્યો છે. આમ છતાં ધર્મની જીવન પર જે અસર થવી જોઇએ તેટલી થઇ નથી. વર્તમાનમાં એક પણ પુખ્ત વયની વ્યક્તિ સાચા અર્થમાં સુખી નથી. ધર્મના પ્રભાવની સાથે જીવન જે રીતે ખીલવું જોઇએ, જે શાતા અને શાંતિ ઊભી થવી જોઇએ તે થઇ નથી. પારિવારીક શાંતિ જે સાચા સુખનો આધાર છે તેમાં ઠેરઠેર ગાબડા જોવા મળે છે. ધર્મના રંગે રંગાયેલો સમાજ આટલો દુઃખી અને રોગિષ્ટ કેમ છે?

અત્યારના સમયનો આ મહત્ત્વનો પ્રશ્ન છે જેનો જવાબ એટલો સીધો અને સરળ નથી, પરંતુ હકીકત એ છે કે ધર્મ જીવનમાં અને વહેવારમાં એટલો ઊતર્યો નથી. ધર્મ જો જીવનમાં ઉતરે તો માણસ દુઃખી રહી શકે નહીં. આપણા વલણોમાં કાંઇક પાયાની ખામી હોવી જોઇએ નહીંતર આવું બને નહીં.

જૈન ધર્મે તો જગતને જીવન જીવવાનો માર્ગ બતાવ્યો છે. ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને આપણે જીવનમાં ઊતાર્યા નથી, જે બધું કરીએ છીએ એમાં મહદ્ અંશે દંભ અને દિખાવટ છે. એટલે આ માર્ગને આપણે અનુસરી શકતા નથી. આપણા દુઃખના કારણો માટેનું એક કારણ એ છે કે આપણે જાણ્યે-અજાણ્યે હિંસામાં પ્રવૃત્ત છીએ હિંસાને આપણે અહીં સૂક્ષ્મ સ્વરૂપમાં વિચારવાની છે. કોઇનું દિલ દુઃખાવવું અને ક્રોધ કરવો એ પણ હિંસા છે. કોઇના પ્રત્યે વૈરવૃત્તિ રાખવી, તેનું બુરું ઇચ્છવું, તેની માનહાનિ કરવી એ પણ સૂક્ષ્મ હિંસા છે, કોઇપણ જીવને કયાંય પણ દુઃખ પહોંચાડવામાં નિમિત્ત બનવું એનું નામ હિંસા છે.

## આણસ હિંસામાં પ્રવૃત્ત છે : ક્રોધ, ઘૃણા અને તિરસ્કાર તેના લક્ષણો છે

પ્રગટ અને અપ્રગટ હિંસાના ભાવો મનુષ્યમાંથી દૂર થઇ જાય તો મૈત્રીભાવના વધુ વિકસિત બને. કોઇના પ્રતિ બહાર સારો વહેવાર હોય પરંતુ મનમાં રાગ અને દ્વેષ હોય તો તે પણ હિંસા જ છે. હિંસાને આપણે સૂક્ષ્મ સ્વરૂપે જોવી પડશે. માત્ર કોઇની હત્યા નહી કરવાથી હિંસા મટી જતી નથી. હિંસા આપણા જીવનમાં સૂક્ષ્મ રીતે પ્રસરેલી છે. તે ક્રોધના રૂપમાં હોય, લોભના રૂપમાં હોય કે લાલચના રૂપમાં હોય કે ઘૃણા અને તિરસ્કારના રૂપમાં હોય પરંતુ તે આપણા જીવનમાં અસ્તિત્વ ધરાવે છે અને આપણા જીવનને અશાંત બનાવી મૂકે છે ભગવાન મહાવીરે કહ્યું છે કે "પ્રાણી માત્ર સુખ ઇચ્છે છે." કોઇને દુઃખી બનાવીને માણસ કદિ પણ સુખી બની શકે નહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન દુઃખી અને અશાંત હોવાનું બીજું કારણ એ છે કે સાચા અર્થમાં જે પ્રેમ પ્રગટ થવો જોઇએ તે થતો નથી, પ્રેમના પુષ્પો જીવનમાં ખિલતા નથી, જ્યાં પ્રેમ હોય ત્યાં કોઇને દુઃખ આપવાની વાત સંભવી શકે નહીં સૂક્ષ્મ અહિંસાનો આ ખ્યાલ પણ પ્રેમમાંથી પ્રગટ થયેલો છે. હિંસાનો ભાવ જો મનમાંથી દૂર થઇ જાય તો પ્રેમ એની મેળે પ્રગટ થયા વગર રહેવાનો નથી. ધર્મ આપણને શિખવે છે કે સરળતા અને સહજતાથી જીવવું, આનંદપૂર્વક જીવવું. ક્રોધ, ઘૃણા અને તિરસ્કાર એ તો હિંસાના લક્ષણો છે. એ હોય ત્યાં સુધી પ્રેમના પુષ્પો ખિલવાના નથી આ મારું અને આ તારું એવી ભાવના છે ત્યાં સુધી રાગ–દ્વેષ અને વેર–ઝેર રહેવાના છે. હું કાંઇક છું, મારા થકી બધું છે. આ 'હું' જ્યાં સુધી રહેશે ત્યાં સુધી અહંકાર નષ્ટ થવાનો નથી. ક્રોધ, માન, માયા અને લોભ એ પણ હિંસાના સૂક્ષ્મ સ્વરૂપો છે. મનુષ્યે સાચા અર્થમાં સુખી બનવું હોય તો આ સૂક્ષ્મ હિંસાને પણ દૂર કરવી પડશે. ધર્મમાં કહ્યું છે કે 'ધમ્મસ્સ મૂલં દયા' દયા ધર્મનું મૂળ છે. પ્રાણી માત્ર પ્રત્યે દયા અને કરુણા રાખીને ઊચિત વહેવાર કરવાનો છે. 'જીવ વહો અપ્પા વહો' જીવનો વધ એ જાતનો વધ છે. હિંસા એ ખુદની હત્યા છે. પ્રાણી, અગ્નિ અને વાયુનો પણ સંયમપૂર્વક ઉપયોગ કરવાનો છે.

જીવન દુઃખી છે એનું એક કારણ દંભ અને દિખાવટ છે. આપણે જે છીએ તેના કરતા જુદી રીતે જીવીએ છીએ. આપણું બહારનું જીવન અને અંદરનું જીવન જુદું છે. જુઠની આ જાળને વિસર્જિત કરીને વાસ્તવિક અને પ્રામાણિકપણે જીવવું એ આપણો ધર્મ છે આપણે મૂળભૂત રીતે રહીએ. લોભી તો લોભી, ખરાબ તો ખરાબ, ક્રોધી તો ક્રોધી, પરંતુ તેની પર રંગરોગાન લગાવીને સારા દેખાવાનો પ્રયાસ ન કરીએ.

## ધર્મ જીવનમાં અને વહેવારમાં જોઇએ તેટલો ઉતરી શકયો નથી :

ઘાવને ઢાંકી દેવાનો કે તેની પર પુષ્પો પાથરી દેવાનો કોઇ અર્થ નથી. આવરણ હેઠળ ઘાવ ઊલટાનો વધુ વકરશે. આપણે બુરાઇને ઢાંકી દઇશું તો બુરાઇ વધશે. બુરાઇને ઢાંકવા માટેના સારા કારણો શોધી લેવાથી બુરાઇ કદિ ખતમ થશે નહીં આ બુરાઇ છે જ નહીં એમ મન માનતું થઇ જશે, એક વખત આ દંભનો અંચળો ઓઢી લેવાશે તો માણસ ખતમ થઇ જશે, પરંતુ બુરાઇ ખતમ નહીં થાય, બુરાઇને ઢાંકવાની જરૂર નથી, તેને નજર સમક્ષ રાખીને આત્મનિરીક્ષણ કરીએ અને જાગૃત બનીએ તો તેને દૂર થતાં વાર નહીં લાગે. જીવનમાં મોટાભાગની ગુંચવણ એટલા માટે ઊભી થાય છે કે આપણે સરળ-તાથી જીવતા નથી. ભગવાન મહાવીરે કહ્યું છે કે 'ઉપયોગપૂર્વક જાગૃતિની સાથે ચાલવું, બેસવું, ઉંઘવું, ખાવું, પીવું, બોલવું વગેરે ક્રિયાઓ કરવાવાળો માણસ પાપ કર્મથી બંધાતો નથી.'

## માણસ વ્યથિત અને દુઃખી છે તેનું કારણ તે બેહોશીના બંધનમાં છે

માણસ વ્યથિત અને દુ ખી છે તેનું કારણ તે અજાગ્રત છે. તે જે કાંઇ કરી રહ્યો છે તે બેહોશીમાં કરી રહ્યો છે. કોઇને તનનો, કોઇને ધનનો, કોઇને પદનો, કોઇને પ્રતિષ્ઠાનો તો કોઇને સત્તાનો કેફ ચડેલો છે. આ મદ-હોશીમાં તે જે કરી રહ્યો છે તેનું તેને ભાન નથી. આ નશો જ્યારે ઊતરી જાય છે ત્યારે માણસને તેની વાસ્તવિક સ્થિતિનું ભાન થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. બેહોશી બંધન છે. આ બંધન તૂટે અને માણસ જાગૃત થઇ જાય તો તેની મસ્તી કાંઈક જુદી જ હશે. જ્યાં સુધી માણસ પોતાની જાતને નહીં ઓળખે ત્યાં સુધી બીજાને ઓળખી શકશે નહી. સ્વયંને જાણ્યા વગર બીજા કોઇને જાણી શકાય નહીં. આવી જાગૃતિ ઊભી જાય તો કોઈ મિત્ર નથી, કોઇ શત્રુ નથી, કોઇ આપણું નથી, કોઇ પરાયું નથી તેનું સાચું જ્ઞાન ઉભું થશે.

મોહ અને આસક્તિ એ પણ આપણા દુઃખનું કારણ છે. મોહનો અર્થ છે આપણે આપણામાં નહીં પરંતુ બીજી કોઇ વસ્તુમાં જીવી રહ્યાં છીએ. કોઇને પુત્રમાં, કોઇને પત્નીમાં, કોઇને તિજોરી પર કે કોઇને પદમાં મોહ રહેલો હોય છે. જેના પ્રત્યે મોહ હોય તેના પ્રત્યે માણસ આસક્ત બની જાય છે કોઇની તિજોરી લૂંટાઇ જાય કે કોઇની ખુરશી ખેંચાઇ જાય તો મોહને વશ થયેલો તે માણસ ખતમ થઇ જશે. કારણ કે તેમાં તેનો જીવ ચોંટેલો હતો. આ મોહ સંસાર છે જ્યાં આપણે જીવ રાખી દીધો એટલે તેના દાસ બનીને રહેવું પડે છે. આ મોહ આપણને દુઃખી દુઃખી કરી નાખે છે. જીવન જ્યાં સુધી બીજા પર આધારિત રહેશે ત્યાં સુધી તે મોહિત અને પરતંત્ર રહેશે. જીવનમાં માત્ર એટલું શિખવાનું છે કે કોઇપણ વસ્તુ પર પકડ રાખો નહીં કોઇપણ વસ્તુને જકડીને રાખશો અને તેને ગુમાવવાનો વારો આવશે ત્યારે દુઃખ અને પિડાનો પાર નહી રહે. જે વસ્તુ વિના આપણે રહી શકીએ તેમ નથી તેના વગર રહેવાની, તેનું મમત્વ ઓછું કરવાની કોશિશ કરીશું તો આ મોહ ધીરેધીરે ખતમ થઇ જશે. પછી કોઇ ચીજ પ્રત્યે આસક્તિ નહી રહે. ઉંમરની સાથે સંસ્કારના સુખો બદલાયા કરે છે. આપણી અંદર જે વસ્તુ જોર કરતી હોય તે સંસાર બની જાય છે. આપણે તેને રંગોથી ભરી દઇએ છીએ. રાગનો અર્થ છે આસક્તિ જેના પ્રત્યે રાગ અને આસક્તિ હોય તે સુંદર અને મોહિત બની જાય છે.

માણસ જે પોતાની પાસે છે તે માણી શકતો નથી અને સુખના મૃગજળ પાછળ દોડતો રહે છે તૃષ્ણાનો અંત નથી. જેની પાછળ દોડીએ છીએ તે વાસ્તવિક રીતે ઉપલબ્ધ ન થાય તો સ્વપ્નો દ્વારા, ફૂવાબો અને કલ્પના દ્વારા પ્રાપ્ત કરી લેવાનો પ્રયત્ન કરીએ છીએ. શ્રીમંત અને કંગાળ સૌ સ્વપ્નો જૂએ છે.

## મોહ એટલે મનુષ્ય પોતાનામાં નહીં પણ બીજી કોઇ વસ્તુમાં જીવી રહ્યો છે

જીવનમાં જે અધુરૂં રહી જાય છે તે સ્વપ્નો દ્વારા પૂરું કરી લેવામાં આવે છે. આત્મવંચના દ્વારા સુખ મેળવી લેવાનો પ્રયાસ કરવામાં આવે છે. સ્વપ્નો ક્ષણિક સુખ આપે છે પરંતુ તે વાસ્તવિકતા નથી, હકીકત નથી. માણસ જાગૃત બને છે ત્યારે સ્વપ્નો વ્યર્થ બની જાય છે પછી કોઇ વાસના રહેતી નથી, કોઈ અધુરપ રહેતી નથી.

જીવનને ઝરણાની જેમ વહેતું રાખવા માટે સુખની સાથે થોડા દુઃખની પણ જરૂરત રહે છે. જીવનમાં દુઃખ રહે નહી તો એકલા સુખથી પણ માણસ ત્રાસી જશે. સુખની કોઇ કિંમત નહી રહે, તે કોડીનું બની જશે સુખ જ્યારે પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે તે રસકસ વગરનું વ્યર્થ બની જાય છે. જીવનમાં સંતોષ જરૂરી છે તેમ સાથે આનંદ પણ હોવો જરૂરી છે. અંદરખાને દુઃખ ઢબુરાયેલું રહેશે તો સંતોષ માત્ર એક આવરણ બની જશે. ચાલો જિંદગીમાં કશું મળ્યું નથી, મળી શકે તેમ નથી તો સંતોષ અનુભવો પરંતુ અંદરખાને ગ્લાની રહેશે. સંતોષની સાથે આનંદ હશે તો પ્રાપ્તિમાં અને તેના અભાવમાં પણ સુખનો અનુભવ કરી શકીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનમાં જે કાંઇ છે તે આપણું પોતાનું સર્જન છે. આ માટે કોઇ ફરિયાદ કરવાની કે કોઇની પર દોષનો ટોપલો ઢોળવાની જરૂર નથી. ફરિયાદ કરતાં રહીશું તો અસંતોષ ઘુંટાયા કરશે. સુખ અને દુ:ખ આપણે જે પ્રમાણે પ્રસારીએ છીએ તે પ્રમાણે પામીએ છીએ. ભૂતકાળમાં વાવેલા પાકને વર્તમાનમાં સુખ કે દુ:ખ રૂપે આપણે લણીએ છીએ. કંટકો વાવ્યા હશે તો પુષ્પો કેવી રીતે મળશે ?

અહમ્ અને અહંકાર એ મનુષ્યના સૌથી મોટા દુશ્મન છે. તે માણસને ઝંપવા દેતા નથી. અહંકાર હંમેશાં દુર્ગમને કઠણને શોધે છે જે સહેલું છે, સરળ છે. તે અહંકારને પોષતું નથી. તેમાં ગર્વ લેવા જેવી કોઇ બાબત હોતી નથી અહંકાર હંમેશા કઠણને શોધે છે. જ્યારે જીવન બિલકુલ સરળ છે અહંકાર યુક્ત માણસને જીવનના સુખના ખુલ્લા દરવાજાઓ દેખાતા નથી એટલે એ દુ:ખના બંધ બારણાઓને શોધી કાઢે છે અને તેની સાથે ટકરાયા કરે છે.

માણસ દુ:ખી અને વ્યગ્ર છે તેનું મૂળ કારણ એ છે કે ધર્મને જીવનમાં ઊતારી શકાયો નથી. મંદિરના ધર્મને ઘર સુધી પહોંચાડી શકાયો નથી. જે દિવસે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ આસક્તિ બધું છૂટી જશે ત્યારે ઘર પણ મંદિર જેવું બની જશે. પ્રેમના પુષ્પો પ્રગટશે અને પરમાત્મા આપણે દ્વારે આવીને ઊભા હશે જ્યાં સુધી આપણે આપણા અંતરના દ્વારોમાંથી પસાર નહી થઇએ ત્યાં સુધી પરમાત્મા સુધી પહોંચી શકાશે નહીં.

માણસે જીવન જ એવું પવિત્ર બનાવવું જોઇએ કે એ ધર્મ બની જાય. ધર્મ ઘરમાં આવી જશે પછી તેને મંદિરમાં શોધવાની જરૂર રહેશે નહી. પૂ. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિજીએ જે ભાવના વ્યક્ત કરી છે તે ચરિતાર્થ કરવાનો પ્રયાસ કરીશું તો જીવન સાર્થક બનશે. આ ભાવના છે....

આજના સુવર્ણ પ્રભાતે મનોસંકલ્પથી નિશ્ચય કરું છું કે હું માણસ તરીકે જન્મ્યો છું તો હવે પછીનું જીવન મહામાનવને છાજે તેવું જીવવા અથાગ પ્રયત્ન આદરીશ અને પ્રાણી માત્ર પ્રત્યે માણસાઇથી તથા મૈત્રીભાવથી વર્તીશ. સમાજમાં ફેલાયેલા માણસાઇના દુષ્કાળને દૂર કરવા મારા જીવનનો સંપૂર્ણ ભોગ આપીશ. અને દરેક માણસ મહામાનવ બને તેવા પ્રયત્નો સેવીશ. મારા જીવનના દરેક કર્તવ્યોમાં માનવ બનવાનું મારુ પ્રથમ કર્તવ્ય છે તે પ્રતિપળ અદા કરીશ.


મુંબઇ સમાચાર તા. ૧૪–૯–૯૭ના
જિનદર્શન વિભાગમાંથી સાભાર....
[ રજૂ કર્તા : રાયચંદ મગનલાલ શાહ–મુંબઇ ]

## સંત બનો....

આંસુ પાડવા એ ઇન્સાનનું કામ છે....
આંસુ પડાવવા એ શૈતાનનું કામ છે....
પણ
આંસુ લૂંછવા એ સંતોનું કામ છે....

For Private And Personal Use Only

# ફૂલ અને માનવી....



સવારનો સોહામણો સમય હતો, ઝાકળ વરસાવતી રાત
પસાર થઈ ગઈ હતી, આંખમાંથી આંસુ ટપકે તેમ
એક ફૂલમાંથી જલબિંદુ ટપકી રહ્યા હતા.
સવારના સમયે ફૂલને રડતું જોઇ મેં તેને પ્રશ્ન કર્યો.
આજે પ્રભાતના પ્રહરમાં તું રડી કેમ રહ્યું છે ?
ફૂલ બોલ્યું, "હું તો મારા જીવન પર રડું છું,
પૂર્ણ પાંખડીએ ખીલી રહેલા મારા અંગેઅંગ હમણાં જ
કરમાઇ જશે, હું ચીમળાઇ-ચોળાઇને હતું ન હતું થઇ જઇશ.
દુનિયામાં આવીને મારાથી કંઈ જ સારું કામ થઇ શકયું નહિ,
એનો મને અફસોસ છે"
મેં કહ્યું, હમણા માળી તને માનથી લઇ જશે,
દેવમંદિર તારી સુવાસથી સુવાસિત બનશે અને તારું જીવન
સાર્થક થશે. રડવું તો મારે જોઇએ કે દુનિયામાં આવીને
હું સત્કાર્ય કરી શકયો નહિ ને આવ્યો તેવો જ ચાલ્યો જઇશ....

ખીલીને ફૂલ બીજાને સુવાસ આપે છે,
દીપક બળીને બીજાને ઉજાસ આપે છે;
ફક્ત માનવી જ એવો છે આ દુનિયામાં,
જીવીને પોતે બીજાને ત્રાસ આપે છે.


: With Best Compliments From :

**AKRUTI**
**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, Sion (W.), MUMBAI-400 022
Tele. : 408175162 (Code No. 022)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અનુયોગદ્વાર સૂત્રમ્ ગ્રંથનું પ્રકાશન



શ્રી મહાવીર જૈન વિદ્યાલય – મુંબઈ તરફથી જિનઆગમ ગ્રંથમાળા પ્રકાશિત થઇ રહી છે. તેમાં કુલ્લે અત્યાર સુધીમાં ૧૭ ગ્રંથો પ્રકાશિત થઈ ચૂકેલ છે. અને આ ૧૮ મો ગ્રંથ "અનુયોગ દ્વાર સૂત્ર" નો પહેલો ભાગ પ્રગટ થઇ ચૂક્યો છે જે પરમપૂજ્ય આગમપ્રજ્ઞ મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદિત થયો છે.

આ ગ્રંથ ધર્મ અને સંસ્કૃતિ ટકાવી રાખવા માટે શાસ્ત્રમાન્ય ગ્રંથ છે. અન્ય ધર્મોમાં પણ પોત-પોતાના ધાર્મિક ગ્રંથોનો આધાર લઇ સરળ ભાષામાં સમજાય તે રીતે ટીકાઓ લખાય છે.

જૈન દર્શનમાં આગમો આધાર સ્તંભરૂપ છે અને વિતરાગની વાણીની સરિતા તેમાં વહેતી રહે છે. તેનો ઉપદેશ મોક્ષ માર્ગમાં પ્રેરક અને પ્રવૃત્ત કરે છે. આગમો ફક્ત ધાર્મિક ગ્રંથો જ નથી પરંતુ તે સમયની વિવિધ વિદ્યા શાખાઓના વિષયોનું પણ નિરૂપણ છે. કોઇપણ વિદ્યાની એ સમય સુધીની પ્રગતિ જાણવી હોય તો તેનું એક માત્ર સાધન જૈન આગમો જ છે. જૈન આગમો વિવિધ વર્ણોનો સંસ્કૃતિની અનેક વિદ્વતાઓથી સભર છે. ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી પ્રભુના સ્વમુખેથી નિકળેલા શબ્દો આ ગ્રંથમાં જિલાયા છે–સચવાયા છે. આને મૂળ અને શુદ્ધ સ્વરૂપમાં સાચવવા અને જાળવવા અત્યંત જરૂરી છે.

જૈન દર્શનને લગતી બધી માહિતી જૈન જ્ઞાન ભંડારોમાં સારા એવા પ્રમાણમાં સચવાયેલી છે. આ ઉપયોગી માહિતી સૌને ઉપલબ્ધ થાય તે માટે આગમોદ્ધારક આચાર્યપ્રવર શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ સાહેબે એકલા હાથે જૈન ધર્મના પ્રાણ સમા પાયારૂપી આગમ ગ્રંથાવલીની સૂવાચ્ય આવૃત્તિ ઘણા વર્ષ પહેલા પ્રકાશિત કરી હતી. ત્યાર બાદ પ. પૂ. આગમ પ્રભાકર મુનિવર્યશ્રી પુણ્યવિજયજી મ. સાહેબે આગમિક સાહિત્યનું જીવનભર વ્યાપક તથા ઊંડુ અધ્યયન તેમ જ સંશોધન કરેલ છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની યોજના પ. પૂ. આગમ પ્રભાકર મુનિવર્યશ્રી પુણ્યવિજયજી મ સાહેબે અન્ય નિષ્ણાત વિદ્વાનોના સહયોગથી તૈયાર કરી હતી. આગમોના અભ્યાસી પં. શ્રી દલસુખભાઈ માલવણિયાનો પણ સહકાર મળ્યો હતો. ઈ. સ. ૧૯૬૦માં આ ભગિરથ કાર્યનું મંગલાચરણ કરવામાં આવ્યું અને આગમગ્રંથોનું વૈજ્ઞાનિક પદ્ધત્તિએ સંશોધન કરી પ્રકાશિત કરવાની ભાવના સાકાર થઈ રહી હતી.

પૂ. આગમ પ્રભાકર મુનિવર્યશ્રી પુણ્યવિજયજી મ. સા. તા. ૧૪–૬–૭૧ના રોજ કાળધર્મ પામ્યા અને તેમની બાકી રહેલી કામગિરિ–જવાબદારી પ. પૂ. આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબની પરંપરાના આગમપ્રજ્ઞ અને વિદ્વદ્વર્ય મુનિશ્રી જંબૂવિજયયજી મહારાજ સાહેબ તથા મુનિરાજશ્રી ધર્મચંદ્રવિજયજી, મુનિશ્રી પુંડરીકરત્નવિજયજી અને મુનિશ્રી ધર્મઘોષવિજયજી આદિ મુનિ ભગવંતોએ સ્વીકારી ૧૯૭૧થી આજ પર્યંત આ કામને તેઓ વેગ આપતા રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓશ્રી આવા આગમ ગ્રંથોના સંશોધન કરવાના પૂર્ણ અધિકારી છે જ. તેઓશ્રી અર્ધમાગધી, સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, મરાઠી, અંગ્રેજી વિગેરે અનેક ભાષાઓનું જ્ઞાન ધરાવે છે અને જ્ઞાનની ગરિમા સાથે વિશિષ્ટ કોટિના ત્યાગી અને સંયમધર પુરૂષ છે.

આ ગ્રંથનુ પ્રથમ સંસ્કરણ વિ. સં. ૨૦૫૫ના થયું છે.

પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ
ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦૦૩૬
ગ્રંથની કિંમત રૂા. ૪૫૦/- છે.

આ ગ્રંથ આપણી સભાને ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે, તે બદલ સભા ગૌરવ અનુભવવા પૂર્વક પ્રકાશકશ્રીનો આભાર માને છે.

卐


રોકાણકારો માટે અમુલ્ય તક

**ભાવનગર નાગરિક સહ. બેંક લી.**

**હેડ ઓફીસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર**
ફોન : ૪૨૯૦૭૦-ફેકસ નં. ( ૦૨૭૮ ) ૪૨૩૮૮૯

**: શા ખા ઓ :**

| ડોન-કૃષ્ણનગર | વડવા નેરા ચોક | રૂપાણી - સરદારનગર | ભાવનગર-પરા |
|---|---|---|---|
| ફોન : ૪૩૯૭૮૨ | ફોન : ૪૨૫૦૭૧ | ફોન : ૫૬૫૯૬૦ | ફોન : ૪૪૫૭૯૬ |

| રામમંત્ર મંદિર | ઘોઘા રોડ શાખા | શિશુવિહાર સર્કલ |
|---|---|---|
| ફોન : ૫૬૩૮૩૨ | ફોન : ૫૬૪૩૩૦ | ફોન : ૪૩૨૬૧૪ |

| સલામત રોકાણ આકર્ષક વ્યાજ | | સિદ્ધિ | સદ્ધરતા |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૭ ટકા | શેર ભંડોળ | ૩.૭૫ કરોડ |
| ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૮ ટકા | ડીપોઝીટ | ૧૬૩ ૮૮ કરોડ |
| ૧૮૦ દિવસથી ૧ વર્ષની અંદર | ૯ ટકા | ધિરાણ | ૮૭.૯૩ કરોડ |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૧૧ ટકા | રીઝર્વ ફંડ તથા અન્ય ફંડો | ૨૧ ૨૦ કરોડ |
| ૨ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૧.૫ ટકા | વર્કીંગ કેપીટલ ૨૬૩ કરોડ ઉપરાંત | |
| ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૨ ટકા | વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ મળો : | |

૭૨ માસે ડબલ

**વેણીલાલ મગનલાલ પારેખ** ચેરમેન

**એમ. એ. ખંધડીયા**
જનરલ મેનેજર

**નિરંજનભાઈ દલપતરામ દવે**
જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુખી થવું છે તો.... સંપત્તિની આસક્તિ છોડો.....

- પારૂલ ભરતકુમાર ગાંધી
રજું : સોમચંદ ડી. શાહ

આ યુગ એ હરિફાઈનો યુગ છે. પૈસો મેળવવા માટેની દોડનો યુગ છે. આ દોટમાં સામેલ થયેલો માનવી દિન-રાત, ઘરબાર, સુખચેન બધું ભૂલી જાય છે. તેની સામે તો માત્ર એકજ લક્ષ્ય છે, તે છે અમીર બનાવનું, સંપત્તિવાન બનવાનું આજે સર્વત્ર એક જ વાત છે, સંપત્તિ બનાવો.... તે ગમે ત્યાંથી આવે.... ગાડીઓ લાવો, ફેકટરીઓ ઊભી કરો....આકર્ષક ફર્નિચર વસાવો.... છેલ્લામાં છેલ્લી ઢબના કપડા સીવડાવો....સત્તા હાંસલ કરી કિર્તીવાન બનો પરંતુ કયાંયે એ વાત નથી કે જીવોને બચાવો.... અભયદાન આપો.... હૃદયને સંવેદનશીલ રાખો.... લાગણીશીલ બની અન્ય સાથે લાગણીપૂર્વક વ્યવહાર કરો. દુઃખિયાના આંસુઓ લૂછો.... અન્યના દુઃખમાં સહભાગી બનો.... બને ત્યાં સુધી આપણા નિમિત્તે કોઈને દુ ખ ન પહોંચે તેવો સદાયે ખ્યાલ રાખો.

આનું કારણ એ જ છે કે માણસ સંપત્તિની પાછળ ગાંડો થયો છે. આજે એ સત્ય ભૂલાઇ ગયું છે કે સંપત્તિ એ આસક્તિની માતા છે. અને આસક્તિ એ તમામ પાપોની જન્મદાત્રી છે. ગરીબ માણુસ કદાચ પોતાના પેટની આગને ઠારવા પાપ કરતો હશે પણ શ્રીમંત તો તિજોરી ભરવાની લાહ્યમાં પાપ કરે છે. કયાં લઇ જશે આ સંપત્તિની આસક્તિ?

આ રસ્તો એવો વિચિત્ર છે કે જ્યાં સ્વપ્નાઓ ફૂલોની પથારીના જોવાના છે ને ચાલવાનું કંટકોના સ્ટેજ પર....! કલ્પનાઓ સુખ-શાંતિ-સમાધિની કરવાની છે ને આચરવાની છે ક્રૂરતા....! બોલવાનું છે સૌમ્ય ભાષામાં ને કરવાની છે બેવફાઇ! દેખાવ ખૂબ જ સુંદર બનવાનો કરવાનો છે ને બનવાનું છે ખરાબ! જે પણ શિકાર બન્યો છે આ સંપત્તિ પ્રત્યેની આસક્તિનો એણે તમામ દુર્ગુણોને પોતાના જીવનમાં પ્રવેશવા માટે લીલી ઝંડી ફરકાવી દીધી! આવો માણસ કોઇપણ પ્રકારનું હલકું, નીચ, અધમ કૃત્ય કરી શકે છે. તેમ કરતા તેને લેશમાત્ર થડકારો નહિ થાય! આપણે વિચારવાનું એ છે કે આવી સંપત્તિની વિપુલતા પણ શું આપણુને સુખ દેવા માટે સમર્થ છે ખરી? શું સંપત્તિની પોકળ આકર્ષતામાં પાગલ બની જીવન વેડફી નંખાય ખરૂં? આવી સંપત્તિના ઢગલા કરવા માટે આપણા આત્માના અવાજને કચડાય ખરો?

અરે! સંપત્તિની પાછળ પાગલ બનનારા આપણુને આ સંપત્તિની પાછળ રહેલી આપત્તિઓની ખરેખર તો કલ્પના પણ નથી હોતી. અને માટે જ એકવાર કોઇ અઢળક સંપત્તિના સ્વામી એવા માનવીની દુનિયામાં ડોકિયું કરીને જોઇએ ત્યારે ખબર પડે છે કે આ તો બધો બાહ્ય ચળકાટ છે. માલિશ ગયું કે પિત્તળ આવી જાય સામે. અરે! સંપત્તિવાનના જીવનને નજીકથી જોતાં જ પ્રતીતિ થશે કે આ તો સડેલા લાકડા પર લગાડેલી સનમાઇકા છે.... ઘુંઘટ કાઢીને ઊભેલી કોઇ કદરૂપી નવોઢા છે....ઉપર લાલી દેખાય છે પણ અંદર સાવ ખાલી છે.

સંપત્તિની લાલસામાં એક વાસ્તવિક વાતને તો આપણે સૌ ભૂલી જ ગયા છીએ કે જો સંપત્તિની વૃદ્ધિ જ માનવીને સ્વસ્થ અને પ્રસન્ન રાખતી હોત અને સંપત્તિની ન્યુનતા અને તેનો અભાવ જ માનવીને અસ્વસ્થ અને દુઃખી બનાવતો હોત તો આ જગતનો દરેક શ્રીમંત કેવળ સુખી જ હોત અને દરેક ગરીબ કેવળ દુઃખી જ હોત. પરંતુ ના, એવું નથી ધનના ઢગલામાં આળોટતા અમીરો શાંતિનો શ્વાસ

For Private And Personal Use Only

પણ નથી લઈ શકતા જ્યારે બે ટંક ખાવાના પણ જેને સાંસા હોય તેવા ગરીબો લહેરથી સુખી જીવન જીવી રહ્યા છે. બસ આ જ છે વાસ્તવિકતા, આ જ છે ખરી હકીકત અને એટલે જ આ વાસ્તવિકતાને નજર સમક્ષ રાખી આપણે સંપત્તિ પ્રત્યેની ગાંડી ઘેલછાને ત્યજી દઈએ. જે નથી મળ્યું તેની પાછળ દોડવાને બદલે જે મળ્યું છે તેમાં સંતોષ રાખી તેનો સદુપયોગ કરીએ.

સંપત્તિનો લોભ તો એવો છે કે તેને માટે જેમ જેમ વધુ ભેગું કરતા જઈશું તેમ તેમ તૃષ્ણા વધતી જશે લોભના ખાડાને ધનની પ્રાપ્તિથી પૂરો કરવાના પ્રયત્નમાં એ ખાડાને પૂરી તો નહિ શકાય પરંતુ વધુ ઊંડો બનાવી દઈશું. બસ, એક સત્ય હંમેશને માટે યાદ રાખવું જરૂરી છે કે....

"જરૂરિયાતો તો ભિખારીનીયે પૂરી થઈ જાય છે જ્યારે ઈચ્છાઓ તો કરોડપતિની પણ અધૂરી જ રહે છે."

આ એક જ વાક્યમાં સઘળો સાર આવી જાય છે. તેને જીવનમાં ઉતારી, સંપત્તિની આસક્તિ તજી દાનનો, મહિમા સમજી ધર્મમય જીવન બનાવવું જોઈએ. 卐




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દિપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક ઉત્તરોત્તર પ્રગતિના
સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સહ....

શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ

ડબલ ડી-ડી સાબુ

તથા

૯૦૯ જૈન સાબુ વાપરો

ઉત્પાદક :

નિરવ સોપ ફેકટરી

પ્રેસ રોડ, એલ. પી. હાઇસ્કૂલવાળો ખાંચો,
ભાવનગર ૩૬૪ ૦૦૧ □ ફોન : ૫૧૬૬૪૬

સેલ્સ ડીપો :

લક્ષ્મી સાબુ ભંડાર

ગોળ બજાર, ભાવનગર ૩૬૪ ૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વર્ગ કે નર્ક? તમે જ નક્કી કરો

– ધૂની માંડલિયા

તમે નાની-મોટી તપશ્ચર્યા કરી હશે. દાન અને ત્યાગ કરી સંતોષ પણ અનુભવ્યો હશે. નિયમિત પૂજા-પાઠ કર્યા હશે. દેવ-દર્શન કરવામાં તમે પાછીપાની નહીં કરી હોય - પુણ્ય કમાવાના તમામ માર્ગે તમે ચાલ્યા હશો અને છતાં તમને મૃત્યુ બાદ સ્વર્ગમાં સ્થાન ના મળે તો તમે ભગવાનના ન્યાયતંત્ર સામે બાંયો ચડાવો કે નહીં? તમારા મુખમાંથી ત્યારે શબ્દો સરી પડે ને? કે અહીંયાં ય અંધેર છે – ભગવાન ઉપરની તમારી શ્રદ્ધા-આસ્થા તૂટી જાય ને?

આ છેલ્લા પ્રશ્નનો ઉત્તર તમે પછી શોધજો. પહેલાં આ પ્રશ્નોના સાચા જવાબો શોધો. તમે જે કાંઇ નાનીમોટી તપશ્ચર્યા-વ્રતો કર્યા છે તે દેખાદેખીથી કર્યા છે કે નહીં? તેની પાછળ કશુંક મેળવવાનો મનસૂબો હતો કે નહીં? કોઇ અજ્ઞાત ભયથી થરથરી તમે તપશ્ચર્યા કરવા પ્રતિ પ્રેરાયા છો? જે દાન-ત્યાગ કર્યા છે તેમાં કેવળ કરુણાનો ભાવ હતો કે નામની વાહ-વાહની ઝંખના હતી? પોતાના નામની તકતી લાગે એવી યશભૂખ તેની પાછળ હતી કે નહીં?

દેવ દર્શને જાઓ છો તેમાં સામાજિક દેખાડો ખરો? ઘરમાં સુખ-સાહ્યબી વધે તેવી ભગવાન પાસે માગણી કરો છો? સ્વર્ગની લાલચ વગર માત્ર આત્મ-ઉન્નતિ માટે તમે તપ, ધ્યાન, વ્રત, સેવા-પૂજા કે પ્રભુ સ્મરણ કદાચ કર્યા જ નથી. ઉપરોક્ત તમામ પ્રશ્નોના પ્રામાણિક જવાબો આપવાના હોય તો કદાચ તમે ખુદ જ એ જવાબોથી છળી પડો એવો તમારો ધાર્મિક સિલસિલો આરંભથી અંત સુધી છે

તમે તો સંસારી છો – સંન્યાસીઓની પણ ઘણું કરીને આ જ દશા છે.

એક કથા છે :

એક દિવસ સ્વર્ગને દરવાજે ખૂબ ભીડ હતી. કેટલાક પંડિતો બૂમો પાડી રહ્યા હતા. "જલ્દી બારણું ખોલો" પણ દ્વારપાલે તેઓને કહ્યું કે જરા થોભો. અમે તમારા વિષે જરી પૂછતાછ કરી લઇએ કે જે જ્ઞાન તમે મેળવ્યુ છે તે શાસ્ત્રોમાંથી મેળવેલું હતું કે પોતાનું હતું?

એટલામાં એક સંન્યાસી ભીડ ખસેવીને આગળ આવી બોલ્યો, "દ્વાર ખોલો, હું સ્વર્ગમાં આવવા ઇચ્છું છું. મેં ખૂબ ઉપવાસ કર્યા છે અને શરીરને તપની આગમાં શેકયું છે"

દ્વારપાલે કહ્યું "સ્વામીજી. જરા થોભો, અમે જાણી લઇએ. આપે તપશ્ચર્યા શા માટે કરી હતી? અહીં મનના ભાવોની પણ નોંધ થતી હોય છે. અહીંના નિયમ પ્રમાણે બાહ્ય કર્મ કરતાં ભાવ કર્મને જ વિશેષ ધ્યાનમાં લેવામાં આવે છે."

તે જ વખતે પૃથ્વી પરના બીજા પણ અનેક દાનવીરો, દેવદર્શને નિયમિત જતા સેંકડો ભાઇ-બ્હેનો આવી પહોંચ્યા. તેઓ પણ સ્વર્ગમાં દાખલ થવા ઇચ્છતા હતા. અહીં પણ ધક્કા-મુક્કી કરતા હતા.

દ્વારપાલે તે સૌને કહ્યું કે તમે ભૂલા પડયા લાગો છો, જે સેવાનો પુરસ્કાર, બદલો ઇચ્છે છે તેને અહીં સેવા જ ગણવામાં આવતી નથી. છતાં બધાં શાંતિથી ઊભા રહો. તમારા વિષે તપાસ કરીએ છીએ.

અને તે જ વખતે અંધારામાં સૌથી પાછળ ઊભેલી એક વ્યક્તિ પર તેમની નજર પડી. તેમણે ટોળાને ખસી જવા કહ્યું – તે વ્યક્તિને આગળ આવવા કહ્યું, તેની આંખોમાં આંસુ હતા. તેણે કહ્યું; "ખરે જ ભૂલથી મને અહીં લઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યા છે. કયાં હું અને કયાં સ્વર્ગ? હું તો કેવળ અજ્ઞાની છું શાસ્ત્રો વિષે કંઇ જાણતો નથી સંન્યાસ કોને કહેવાય તેય ખબર નથી. કારણ કે મારું કશું હતું જ નહીં એટલે ત્યાગ પણ કયાંથી કરું? કોઈની સેવા કરવા જેટલી મારામાં શક્તિ જ કયાં છે? હા, પ્રેમ મારા હૃદયમાં જરૂર હતો, પણ પ્રેમ સ્વર્ગમાં દાખલ થવાની લાયકાત ગણાય ખરી? અને હું પોતે જ સ્વર્ગમાં દાખલ થવા નથી ઇચ્છતો. મહેરબાની કરી મને નરકનું દ્વાર બતાવો. ત્યાં જ મારું સ્થાન છે અને ત્યાં જ મારી જરૂર પણ છે."

તે આમ બોલતો હતો ત્યાં જ દ્વારપાલોએ બારણાં ઉઘાડી દીધાં અને કહ્યું "તમે ધન્ય છો. અમે આપનું સ્વાગત કરીએ છીએ"

જે કયારેય પોતાને સ્પર્ધામાં નથી ઉતારતો અને જીવનમાં સૌથી પાછળ રહી પરમાત્માની મૂક પ્રાર્થના કરે છે એ પરમાત્માની સૌથી નજીક છે, તે સ્વર્ગના દરવાજે સૌથી આગળ છે. આવી વ્યક્તિને પ્રભુ આગળ આવવા સામેથી સાદ પાડે છે. 卐


## ભાવનગર મર્કન્ટાઇલ કો-ઓપરેટીવ બેન્ક લી.

भावनगर मर्कन्टाइल को-ओपरेटीव बेन्क ली. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.

**હેડ ઓફીસ :-**
લોખંડ બજાર, ભાવનગર
ફોન નં. ૪૨૪૧૮૧

**બ્રાન્ચ :-**
卐 માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન નં. ૪૪૫૦૦૮
卐 માધવદર્શન, ભાવનગર ફોન નં. ૪૨૦૭૬૯

**-: થાપણના વ્યાજનાં દરો :-**
( તા. ૨૧-૪-૯૯ થી અમલમાં )

| | |
|---|---|
| 卐 સેવિંગ્ઝ | ૫.૫૦ ટકા |
| 卐 ફિક્સ ડીપોઝીટ :- | |
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૮.૦૦ ટકા |
| ૯૧ દિવસથી ૧ વર્ષ નીચે | ૯.૦૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષ નીચે | ૧૧.૦૦ ટકા |
| ૨ વર્ષથી ૩ વર્ષ નીચે | ૧૨.૦૦ ટકા |
| ૩ વર્ષથી ૫ વર્ષ નીચે | ૧૨.૫ ટકા |
| ૫ વર્ષ અને ઉપરાંત | ૧૩.૦૦ ટકા |

**ડબલ :- ૬૫ માસ**

-: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :-

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા** — ચેરમેન
**શ્રી ઇન્દુકુમાર ઉકાભાઇ પટેલ** — મેનેજીંગ ડીરેકટર
**શ્રી રાજેન્દ્ર ઇન્દુકુમાર દવે** — વા. ચેરમેન
**શ્રી જુગલકિશોર પી. પારેખ** — જો. મે. ડીરેકટર
**શ્રી જે. એમ. શાહ** — મેનેજર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા આયોજિત યાત્રાપ્રવાસ

અહેવાલ : મુકેશ સરવૈયા

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર આયોજિત સં. ૨૦૫૬ના ફાગણ વદ ૧૩ ને રવિવાર તા ૨-૪-૨૦૦૦ના રોજ ધોલેરા, કલિકુંડ (ધોળકા), તગડી, અયોધ્યાપુરમ તથા વલ્લભીપુર તીર્થનો યાત્રાપ્રવાસ યોજવામાં આવેલ હતો.

આ યાત્રાપ્રવાસ મહા તથા ચૈત્ર માસનો સંયુક્ત રાખવામાં આવ્યો હતો, જેમાં નીચે મુજબના દાતાશ્રીઓની વ્યાજની રકમમાંથી ગુરુભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

આ યાત્રાપ્રવાસમાં ડોનરશ્રીઓ, સભ્યશ્રીઓ તથા ગેસ્ટશ્રીઓ સારી એવી સંખ્યામાં જોડાયા હતા.

ભાવનગરથી વહેલી સવારે ૬-૦૦ કલાકે નીકળી સવારના ૭-૩૦ કલાકે ધોલેરા પહોંચ્યા હતા. અહિં સેવા-પૂજા-દર્શન-ચૈત્યવંદન તથા નવકારશી કરી સવારના ૯-૩૦ કલાકે અહિંથી કલિકુંડ તરફ રવાના થયા હતા. સવારે ૧૧-૦૦ કલાકે કલિકુંડ પહોંચ્યા હતા. અહિં સેવા-પૂજા-દર્શન તથા શત્રુંજયની યાત્રા કરી બપોરના ૧-૦૦ કલાકે ભોજનશાળામાં ભોજન લઈ અલ્પ વિરામ બાદ બપોરના ચા-પાણી લઇ ૪-૦૦ કલાકે તગડી તરફ પ્રયાણ કરેલ. તગડી-પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી સ્મારક ટ્રસ્ટ તીર્થે મૂળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામી દેરાસરે દર્શન-ચૈત્યવંદન કરી સાંજનો નાસ્તો કરી અયોધ્યાપુરમ તરફ પ્રયાણ કરેલ. અહિં દર્શન કરી આ તીર્થોદ્ધારની રૂ. ૧૦૦/-વાળી કુપન ઘણા યાત્રિકોએ લઇ આ તીર્થ યોજનાનો લાભ લીધો હતો. અહિંથી વલ્લભીપુર તરફ પ્રયાણ કરી વલ્લભીપુર તીર્થમાં દર્શન કરી ભાવનગર તરફ પ્રયાણ કર્યું હતું. આમ પંચતીર્થી યાત્રાનો લાભ લઈ સૌ ભાવનગર રાત્રીના ૯-૩૦ કલાકે પહોંચ્યા હતા.

આમ સભાનો આ યાત્રાપ્રવાસ અનેરા ભક્તિભાવપૂર્વક અને ઉલ્લાસ સહ પરિપૂર્ણ થયો હતો.

## આ યાત્રાના દાતાશ્રીઓની શુભ નામાવલી

(૧) શ્રી કાંતિલાલ રતિલાલ સલોત
(૨) શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત
(૩) શ્રી ખીમચંદ પરશોત્તમદાસ શાહ
(૪) શ્રી હઠીચંદ ઝવેરભાઇ શાહ
(૫) શ્રી વનમાળીદાસ ગોરધનભાઇ શાહ
(૬) શ્રી સાકરચંદ મોતીચંદ શાહ
(૭) શ્રી કપુરચંદ હરીચંદ શાહ-માચીસવાળા
(૮) શ્રી વૃજલાલ ભીખાલાલ શાહ
(૯) શ્રી નાનચંદ તારાચંદ શાહ
(૧૦) શ્રી બાબુલાલ પરમાણંદદાસ શાહ

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેઓ અનંત ગુણના ભંડાર છે, ચોત્રીસ અતિશયોના ધારક છે તથા
માનવ જાતિના મહાન ઉદ્ધારક છે, તે શ્રી અરિહંત દેવોને અમારી
કોટિ કોટિ વંદના હો....

卐

“શ્રી આત્માનંદ પ્રકાશ” માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે
તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

**મેસર્સ કાંતિલાલ મગનલાલ શાહ**

**કાપડના વેપારી**

મેઈન રોડ, જોરાવરનગર-૩૬૩ ૦૨૦ (જિ. સુરેન્દ્રનગર)
: ફોન : (STD. Code-૦૨૭૫૨)
ઓફિસ : ૨૨૮૪૨ / ૨૩૩૨૪ રેસી. ૨૨૦૫૬ / ૩૧૫૨૩

卐

**કોરસ ટાઇલ્સ પ્રાઈવેટ લિમીટેડ**

નવાગામ, થાનગઢ-૩૬૩ ૫૩૦ (જિ. સુરેન્દ્રનગર)
ફોન : ૨૦૮૧૧ ૨૦૫૬૫ (STD. Code-૦૨૭૫૧)

Trade Mar No. 750822 Copy Right No. 56029/99

**શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ એકમાત્ર**

વિજયનો **જૈન સાબુ** વાપરો

અધિકૃત વિક્રેતા :
**વિજય એજન્સી**
ફોન : ૪૨૬૭૨૮
**વિજય સેલ્સ કોર્પોરેશન**
ફોન : ૫૧૬૭૮૨

ઉત્પાદક :
**વિજય સોપ એન્ડ ડીટર્જન્ટ ઇન્ડસ્ટ્રીઝ**
મોતીતળાવ રોડ, કુંભારવાડા,
ભાવનગર-૩૬૪ ૦૦૬
ફોન O. ૫૧૦૪૬૧ R. ૫૬૨૨૮૬

For Private And Personal Use Only

# કાળ

લેખક : **નરોત્તમદાસ અમુલખરાય કપાસી**
(એડવોકેટ – મુંબઇ)

નથી સમજાતુ કે કાળ એ શી વસ્તુ છે. નથી સમજાતું કે એનું સ્વરૂપ શું છે. નથી સમજાતું કે એ જીવન ઉપર અસર કરે છે કે નહિ....કાળ છે તે સમજાય છે. તે અદૃશ્ય છે એમ પણ સમજાય છે. અદૃશ્ય વાયુનો સ્પર્શેન્દ્રિય દ્વારા અનુભવ થાય છે પરંતુ અદૃશ્ય કાળનો એક પણ ઇન્દ્રિય દ્વારા અનુભવ થતો નથી.

સમય વીત્યે નવીન વસ્તુ જીર્ણ બને છે, સડી જાય છે, નાશ પામે છે. સમય વીત્યે બીજમાંથી અંકુરો પ્રગટે છે. સમય વીત્યે બીજમાંથી ફળ પ્રાપ્ત થાય છે. સમય વીત્યે વસ્તુના સ્વરૂપમાં પરિવર્તન થાય છે. સમય વીત્યે સ્નેહીની સ્મૃતિ અલ્પ બને છે. સમય વીત્યે યોગ્ય પ્રક્રિયા દ્વારા દૂધમાંથી દહીં બને છે, માખણ બને છે, ઘૃત બને છે. સમય વીત્યે બાળક યુવક બને છે, વૃદ્ધ બને છે અને વિલીન થાય છે: સમય વીત્યે આજ ગઇકાલ બને છે.

ચિંતનમાં અને ભાષા પ્રયોગમાં સમયનો ઉપયોગ કરવો જ પડે છે.

પરિણામે 'સમય' જેવું 'કંઇક' છે એ માન્યા વિના છૂટકો નથી થતો. તે 'કંઇક'ના રૂપરંગ છે કે નહિ એ અલ્પ-મતિવાળો માનવ સમજી શકતો નથી.

જૈનદર્શન 'કાળ' એક દ્રવ્ય છે એમ જણાવીને તેને સ્વીકૃતિ આપે છે.

દ્રવ્ય સર્વ શાશ્વત છે. 'કાળ' ક્યારે ઉત્પન્ન થયો, ક્યારે વિનાશ પામશે, ક્યારે તે નહિ હોય એ પ્રશ્નો બાલિશ ભાસે છે. તે અપેક્ષાએ 'કાળ' સદાકાળ હતો અને સદાકાળ રહેશે તેથી તે શાશ્વત છે. શાશ્વત કાળ 'મહાકાળ' તરીકે ઓળખાય છે.

કાળ અન્ય વસ્તુમાં પરિવર્તન લાવે છે. સાથે તેના સ્વ-સ્વરૂપમાં પણ પરિવર્તન લાવે છે, દ્રવ્ય માત્ર પરિવર્તનશીલ છે. તેમ કાળ પણ પરિવર્તનશીલ છે. એ પરિવર્તનશીલ કાળ વ્યવહારકાળ તરીકે ઓળખાય છે. અલ્પમાં અલ્પ કાળ કે જેના બે વિભાગ ન થઇ શકે તેને 'સમય' કહેવાય છે. આંખના એક પલકારામાં અગણિત સમય વીતિ જાય છે. જે પ્રકાશ એક ક્ષણમાં હજારો યોજન ગતિ કરે છે, તે પ્રકાશને એક મીલી-મીટર પસાર કરતાં કેટલો સમય વ્યતિત થાય છે તે ગણિત દ્વારા નિર્ણીત થઇ શકે. પૂર્ણ ગતિથી ફરતો એક વીજ પંખો એક ક્ષણમાં કેટલું પરિભ્રમણ કરે એ ગણિત દ્વારા નક્કી થઇ શકે છે. વૃક્ષના હજારો પત્રો એકત્ર કરીને તેના ઉપર તલવાર ચલાવવામાં આવે તો કેટલો સમય વીતે એ ગણિતનો પ્રશ્ન છે.

સમય, આવલિકા, ક્ષણ, ઘડી, મુહૂર્ત, દિન, રાત્રિ, માસ, પર્વ, યુગ વિગેરે વ્યવહારકાળના વિભાગો છે. પૂર્વ, પલ્યોપમ, સાગરોપમ વિગેરે પણ વ્યવહાર કાળના જ રૂપ છે. ભલે તેમાં દીર્ઘ કાળ વ્યતિત થતો હોય.

કાળ ચૈતન્ય રહિત છે, છતાં એનું પરિવર્તન વ્યવસ્થિત રીતે થાય છે દિન અને રાત્રિના કલાકો નિયત જ હોય. એમાં જે રોજ પરિવર્તન આવે તે નિયત અને નિયમબદ્ધ જ હોય. માસના ત્રીસ દિન-રાત હોય, વર્ષના બાર માસ હોય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુગના વર્ષ પાંચ જ હોય. એક કાળ-ચક્રમાં વીસ કોટા કોટી સાગરોપમ જ વ્યતિત થાય: ઉત્સર્પિણી કાળમાં દસ કોટા કોટી સાગરોપમ જ વ્યતિત થાય અને અવસર્પિણી કાળમાં પણ દસ કોટા કોટી સાગરોપમ જ વ્યતિત થાય.

કાળનો પ્રભાવ પણ વ્યવસ્થિત હોય છે. ઉત્સર્પિણી કાળ દરમ્યાન વિશ્વની પ્રગતિ જ થાય. ઉત્તમ વસ્તુઓની વૃદ્ધિ જ થાય, તે પ્રગતિ અને વૃદ્ધિ ક્રમિક જ હોય અને નિયત પણ હોય.

તે પ્રમાણે અવસર્પિણી દરમ્યાન વિશ્વની અધોગતિ જ થાય. ઉત્તમ વસ્તુઓ હીન, હીનતર થતી જાય. અનિચ્છનીય કૃત્યો વૃદ્ધિ પામતાં જાય. બધુ ક્રમિક બને.

યુગલિકક્ષેત્રોમાં અને મહાવિદેહક્ષેત્રોમાં કાળ એક સરખો જ વહયે જાય છે, અલબત્ પરિવર્તનશીલતા, ત્યાંના ક્રમ અનુસાર ચાલુ જ રહે.

અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળ બન્નેનો સમય દસ કોટા-કોટી સાગરોપમ છે, બન્ને મળીને, વીસ કોટા કોટી સાગરોપમ છે તે એક કાળ ચક્ર કહેવાય છે.

એક કાળચક્રમાં છ આરા અવસર્પિણીના અને છ આરા ઉત્સર્પિણીના હોય છે. તેમના નામ નીચે પ્રમાણે :- ૧. સુષમ-સુષમ ૨. સુષમ ૩. સુષમ-દુષમ ૪. દુષમ-સુષમ ૫. દુઃષમ ૬. અતિ દુષમ.

સુષમ - સુષમ કાળ એકાંત સુખમય છે અને દુઃખથી રહિત છે. સુષમ કાળ સુખ રૂપ છે. સુષમ-દુઃષમ સમયમાં સુખની માત્રા અધિક અને દુઃખની અલ્પ હોય છે. દુઃષમ-સુષમ કાળમાં દુઃખની માત્રા અધિક અને સુખની અલ્પ છે. દુઃષમ કાળ દુઃખમય છે અને અતિ દુઃષમકાળ અપાર દુઃખમય છે.

વીસ કોટા - કોટી સાગરોપમ પ્રમાણ સમયમાં અઢાર કોટા-કોટી સાગરોપમ પ્રમાણ કાળમાં અને સાથે યુગલિક મનુષ્યો વસે છે. યુગલ સાથે જન્મે છે અને સાથે મૃત્યુ પામે છે. આયુષ્ય અસંખ્ય વર્ષનું હોય છે.

કાળચક્રને શકટ-ચક્ર સાથે સરખાવાય છે. શકટ ચક્રના બાર આરા છે. શકટ ગતિમાન હોય ત્યારે નીચેના આરા ઉપર જાય છે અને ઉપરના આરા નીચે જતાં જાય છે. કાળ ચક્રના પણ બાર આરા છે. તે પણ નીચેથી ઉપર અને ઉપરથી નીચે જાય છે.

ચક્ર જ્યારે ઉપર જાય છે ત્યારે તે ઉત્સર્પિણી ગણાય છે. નીચે જાય તે અવસર્પિણી ગણાય છે.

ભૌતિક સુખ સમૃદ્ધિ જેમ વિકાસ અથવા હ્રાસ થાય છે તેમ સુકૃત્યોમાં વિકાસ અથવા હ્રાસ થાય છે. પુણ્યકાળમાં વિકાસ અથવા હ્રાસ, કાળ અનુસાર થાય છે.

ઉત્સર્પિણી અને અવસર્પિણી બન્નેમાં છ આરાના નામ સમાન છે પરંતુ ક્રમ વિપરિત છે. ઉત્સર્પિણીમાં પ્રથમ આરો દુઃષમ - દુઃષમ, બીજો દુઃષમ ત્રીજો દુઃષમ - સુષમ, ચોથો સુષમ-દુઃષમ, પાંચમો સુષમ અને છઠ્ઠો સુષમ-સુષમ છે. તેમનો ક્રમ અવસર્પિણીમાં ઉલટો છે.

દેહની ઊંચાઈ, આયુષ્ય - પ્રમાણ અને કલ્પવૃક્ષની ફળદાયિતા ઉત્સર્પિણી કાળમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે અને અવસર્પિણી કાળમાં ઉત્તરોત્તર હ્રાસ પામે છે.

સુષમ - સુષમ સમયમાં માનવ - દેહની ઊંચાઇ ત્રણ ગાઉ પ્રમાણ, આયુષ્ય ત્રણ પલ્યોપમ પ્રમાણ અને તે સમયમાં કલ્પવૃક્ષોનું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે.

સુષમ સમયમાં માનવ દેહની ઊંચાઇ બે ગાઉ અને આયુષ્ય બે પલ્યોપમ પ્રમાણ છે.

સુષમ - દુઃષમ સમયમાં માનવ દેહની ઊંચાઈ એક ગાઉ પ્રમાણ અને આયુષ્ય એક પલ્યોપમ પ્રમાણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃષમ – સુષમ સમયમાં માનવ દેહની મહત્તમ ઊંચાઈ પાંચસો ધનુષ્ય અને ક્રમિક હાનિ થતાં લઘુતમ સાત હાથ હોય છે. આયુષ્ય મહત્તમ પૂર્વ ક્રોડ વર્ષ અને ક્રમિક હાનિ થતાં લઘુત્તમ અનિયત છે. કલ્પવૃક્ષોનો અભાવ છે.

દુઃષમ સમયમાં દેહ પ્રમાણ અને આયુષ્ય અનિયત હોય છે. દુઃષમ આરાના અંતમાં દેહ પ્રમાણ બે હાથ અને આયુષ્ય વીસ વર્ષનું હોય છે. તે દરમ્યાન દેહ પ્રમાણ અને આયુષ્ય પ્રમાણ હીન-હીનતર થતું જાય છે.

દુઃષમ દુઃષમ સમયમાં દેહ-પ્રમાણ અને આયુષ્ય બન્ને અનિયત છે. પરંતુ દુઃષમ સમયના અંતિમ પ્રમાણથી અધિક નથી.

આ ભરત ક્ષેત્રમાં વર્તમાનમાં પંચમ આરો જે દુઃષમ છે, તે ચાલી રહ્યો છે. તે એકવીસ હજાર વર્ષ પર્યંત રહે છે. શ્રી વીર પ્રભુના નિર્વાણ પછી અલ્પ સમયમાં જ પંચમ આરાની શરૂઆત થઈ છે અને કુલ એકવીસ હજાર વર્ષ પર્યંત રહેશે.

શ્રી તીર્થંકર દેવો, ચક્રવર્તીઓ, વાસુદેવો વિગેરે ત્રેસઠ શલાકા પુરૂષ અમુક કાળમાં જ હોય છે. શ્રી તીર્થંકર પરમાત્માની વાણી અનુસાર મુનિ ભગવંતો જૈન શાસનને જ્વલંત રાખે છે, તે પણ અમુક જ આરામાં.

દુઃષમ કાળમાં પણ ઉત્તમ આત્માઓ સુંદર ધર્મારાધના કરે છે, પરંતુ ઉત્તમ આત્માઓ વિરલ હોય છે. ઉત્તમ આત્માઓની આરાધના દુઃષમ કાળમાં પણ સુંદર અને ઉત્તમ ફળ આપે છે.

卐

જેમની ભક્તિ સર્વ પ્રકારનાં ભયોનું ભંજન કરનારી છે

અને

સકલ મનોરથની સિદ્ધિ કરનારી છે.

તેવા

શ્રી અરિહંત દેવોને અમારી કોટિ કોટિ વંદના હો.

: 卐 :

શ્રી આત્માનંદ પ્રકાશ ' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

**Indchem Marketing Corporation**

32, Shamaldas Gandhi Marg,
Saraf Mansion, Mumbai-400 002
Phone : 2617367-68

For Private And Personal Use Only

**મૈત્રીભાવનું પવિત્ર ઝરણું...**

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારૂં નૃત્ય કરે;
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે.
દીન, ક્રુર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે;
કરૂણાભિની આંખોમાંથી, અશ્રુનો શુભ શ્રોત વહે
માર્ગ ભુલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું;
કરે ઉપેક્ષા એ મારગની, તો એ સમતા ચિત્ત ધરૂં.
વીર પ્રભુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે;
વેર-ઝેરના પાપ ત્યજીને, મંગળ ગીતો સહુ ગાવે.

**'શ્રી આત્માનંદ પ્રકાશ'** માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સહ....

## શાહ શાંતિલાલ લાલચંદ-હારીજવાળા

"શાંતિ સદન", ૧૩૨-વિજયરાજનગર, શાસ્ત્રીનગર સામે, ભાવનગર-૩૬૪ ૦૦૩
ટેલીફોન નં. : ૪૩૦૬૭૯



**'શ્રી આત્માનંદ પ્રકાશ'** માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

**ડી. એલ. શાહ**

卐 પ્રેસર કુકર, સીલીંગ ફેન, પલંગ, ઘડીયાળ, મીક્ષ્ચર, સ્ટીલ વાસણ સરળ હપ્તેથી ખરીદવા માટે મળો.

卐 ઈમ્પોર્ટેડ ફલાવર, થર્મોવેર, ક્રોકરી વેર, ફેન્સી પર્સ, ગીફ્ટ આઇટમ, કાર્ડસ્ તથા હોમ એપ્લાયન્સની અનેક વિવિધ વેરાઇટીઓ....

## ધનલક્ષ્મી એજન્સી ડીપાર્ટમેન્ટ

કાવેરી કોર્પોરેશન, નવાપરા, ભાવનગર ૩૬૪ ૦૦૧
હવેલીવાળી શેરી, વોરા બજાર, ભાવનગર ૩૬૪ ૦૦૧
ફોન : ( ૦૨૭૮ ) ૪૨૭૬૦૨

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
પ. પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો ૧૮ મો ] [ ગુરુ વાણી ભાગ-૨માંથી સાભાર... ]

( ગતાંકથી ચાલુ )

## દંભની બોલબાલા...

આજે સમાજમાં મોટાભાગે દંભનું આચરણ ખૂબ વધી ગયું છે. માણસો સારું કરવા માટે નહીં પણ સારા દેખાવા માટે જ બધું કરતા હોય છે. અરે! સાધર્મિકવાત્સલ્ય કરશે તોય સારું દેખાડવા માટે. આપણે વ્યવહારમાં બોલીએ છીએ ને કે ભાઇ ભલે ગમે તેટલો ખર્ચો થાય પણ સારું દેખાય તેમ કરજો. સાધર્મિક ભક્તિનું ક્યાંય નામનિશાને ન હોય ક્યારેક માણસો ચડાવા લાખો રૂપિયામાં બોલતા હોય છે પણ એની પાછળ લક્ષ્મીનો સદ્વ્યય થાય એના કરતાં સમાજમાં નામના મળે....છોકરા-છોકરીઓના વેવિશાળ જલ્દી થાય .. જો લગભગ આવી જ ગણતરી હોય તો આવા માણસોના જીવનમાં ધર્મ કેવી રીતે પરિણામ પામે ?

## મા-બાપની પ્રતિષ્ઠા વિના પ્રભુ પ્રતિષ્ઠા કેવી ?

એક શેઠ હતા. ખૂબ ધનાઢય હતા. તેથી ઘરમાં જ સુંદર દેરાસર બંધાવ્યું. ભગવાન લાવ્યા. પ્રતિષ્ઠા માટે કોઈ આચાર્ય મહારાજની શોધ કરવા માંડયા....આમ તો કોઇ દિવસ ઉપાશ્રયનું પગથિયું એ ન ચઢતા હોય પણ પોતાના પ્રસંગને શોભાવવા માટે સારામાં સારા આચાર્ય મહારાજને શોધતાં-શોધતાં સારા આચાર્ય મહારાજ મળી આવ્યા. સમાજમાં સારું દેખાય માટે આચાર્ય મહારાજનો બેન્ડ-વાજા સહિત ભવ્યાતિભવ્ય પ્રવેશ કરાવ્યો. આચાર્ય મહારાજ લાંબો વિહાર કરીને આવેલા હોવાથી બપોરના સમયે જરાક આડે-પડખે થયા છે ત્યાં એક ડોશીમા લાકડીના ટેકે ધીમે ધીમે ઉપાશ્રયમાં પ્રવેશ્યાં. મેલાં ઘેલાં કપડાં છે. મહારાજ સાહેબની આંખ જરા મળી ગઇ છે. ત્યાં લાકડીના ટક-ટક અવાજથી આચાર્ય મહારાજ જાગી જાય છે. ડોસીમાને જોઇને પૂછે છે કે કેમ માજી મજામાં છો ? કેમ આવ્યા છો ? ત્યારે ડોશીમા કહે છે કે બાપજી તમે કેમ આવ્યા છો ? બાપજી કહે કે અમે તો પ્રતિષ્ઠા કરાવવા આવ્યા છીએ ડોશીમા કહે છે કે બાપજી પ્રતિષ્ઠા નહીં થાય. કેમ ? ઘરના દેવ એવા મા-બાપ જ્યાં ઠેબે ચડતા હોય ત્યાં ભગવાન પધારે કેવી રીતે ? મા-બાપ એ જીવતા જાગતા દેવ છે. પણ આજે આ યુગમાં જેમ ઋતુમાં માણસ પોતાના ખાટલાનું સ્થાન બદલતો હોય છે ને ! શિયાળામાં રૂમમાં સૂઇ જાય. ઉનાળામાં જ્યાં પવન આવતો હોય એવી જગ્યાએ સૂઇ જાય અને ચોમાસામાં જ્યાં ભેજ ન લાગતો હોય ત્યાં સૂઇ જાય તેમ આજે મા-બાપના પણ જેટલા પુત્રો હોય તેટલા ખાટલા બદલાતા હોય છે. જૂના જમાનામાં ભોજકના વારા રહેતા તેમ આજે મા-બાપના પણ વારા હોય છે. બહુ જ કરુણ સ્થિતિ છે આજના વૃદ્ધોની ! તીર્થંકર પરમાત્માપણ હંમેશા મા-બાપને વંદન કરવા જતા. એક કહેવત છે કે **જે માતાનો બોલ કદિ ન લોપે તે વિશ્વમાંહિ સૂરજ જેમ ઓપે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાલ બહાદુરશાસ્ત્રી માતૃભક્ત હતા. તેઓ જ્યારે પણ બહાર જાય કે કોઇ દેશોની વાટાઘાટમાં જાય ત્યારે અવશ્ય પોતાની વૃદ્ધમાના આશિર્વાદ લેવા જતા. મા કહે છે બેટા ! ઇશ્વર તારી સાથે રહેજો. બસ આટલા આશિર્વાદ લઇને જાય એટલે ગમે તેવા કપરા કામો પણ તેમના સરળતાથી પાર પડતા. એકવાર પાકિસ્તાનના વડાપ્રધાન અયુબખાનને મળવા જવાનું હતું. માના આશિર્વાદ લઇને નીકળ્યા. અયુબખાન ખૂબ ઉંચા હતા. શાસ્ત્રીજી ઘણા વામન હતા. અયુબખાને મજાકમાં કહ્યું કે શાસ્ત્રીજી आप तो बहोत वामन है ! શાસ્ત્રીજીએ બેધડક જવાબ દીધો કે इसलीए तो आपको नमन करना पडता है । વાત કરતી વખતે ઉંચા માણસને નીચા વળીને વાત કરવી પડે. આવી બેધડક જવાબ દેવાની શક્તિ માના આશીર્વાદમાંથી મળતી. એમણે બહુ અલ્પ સમય જ રાજ કર્યું પણ એ અલ્પ સમયમાં ઘણાં સારાં કામો કર્યાં. દુનિયા આજે પણ એમને યાદ કરે છે. માના લોહીનું એક એક ટીપુ સંતાનના હિતથી રંગાયેલું હોય છે.

**મા જુએ આવતો અને સ્ત્રી જુએ લાવતો :** દીકરો ક્યાંય બહાર ગયો હોય તો મા એની રાહ જુએ. તે હેમખેમ પાછો ફરે એટલે એને આનંદ. જ્યારે સ્ત્રી તો બહારથી મારે માટે શું લાવ્યા ? હાથમાં કાંઇ પેકેટ છે કે નહીં ? એમાં જ સ્ત્રીની નજર ભટકતી હોય છે. પણ આજની યુવા પેઢીને તો **'અમે બે અને અમારા બે'** ત્રીજું કોઇ ખટાતું જ નથી. દીકરો ૭૦ વર્ષનો થયો હોય તોય માની નજરમાં તે નાનું બાળક જ છે. તેથી તે બહાર જાય ને તો મા કહે કે ભાઇ ! સાચવીને જજે. સાધનોનું ધ્યાન રાખજે .. વગેરે જેમ બાળકને શીખામણ આપે તેમ ૭૦ વર્ષના ડોસાને શીખામણ આપતી હોય છે. માના વાત્સલ્યની તોલે દુનિયાની કોઇ ચીજ આવી શકતી નથી. પણ આ શીખામણો આજના યુવાનોને 'ટક–ટક' લાગે છે. આજે વૃદ્ધોના નિસાસાથી ક્યાંય શાંતિ દેખાતી નથી....હુતો ને હુતી બે જણા હોય તોય ખટપટ ચાલતી જ હોય. પેલા માજી આચાર્ય મહારાજની પાસે પોતાની વેદના ઠાલવે છે કે આ દીકરો મને કોઇ દિવસ 'મા' કહીને બોલાવતો નથી. એના છોકરાઓ પણ મને વાત વાતમાં હડધૂત કરે છે. જ્યાં આવી રીતે મા–બાપ હડધૂત થતા હોય ત્યાં ભગવાનની પધરામણી કરીને શું લાભ ? આચાર્યમહારાજ ખૂબ ગંભીર હતા. તેમણે માજીને પ્રેમથી કહ્યું કે માજી તમે ઘેર જાઓ હું મારી રીતે ગોઠવું છું. આચાર્ય મહારાજે બધા સાધુઓને આજ્ઞા કરી કે ચલો બેટ બાંધો, અત્યારે જ વિહાર કરવાનો છે. શિષ્યો તો બધા ઝટપટ પોતાનું કામ આટોપવા લાગ્યા બેટ બાંધીને તૈયાર થઇ ગયા. ત્યાં કોઇ માણુસ દ્વારા શેઠને ખબર પડી કે આચાર્યમહારાજ તો વિહાર કરે છે. શેઠ તો એકદમ હાંફળા–ફાંફળા થતા આવ્યા. પૂછે છે કે ભગવન્ ! કેમ આમ અચાનક શું થયું ? મારો કોઇ અપરાધ થયો ? મારી પ્રતિષ્ઠાનું શું ? મારી આબરૂનું શું ? આપ મને કારણ જણાવો. આચાર્ય ભગવંતે કહ્યું કે તું **'માતૃદેવો ભવ પિતૃદેવો ભવ'**માં માને છે ? માતાને ઘરમાં દેવની જેમ સાચવે છે ? શેઠ સમજુ હતા **તેજીને ટકોરો બસ છે.** સમજી ગયા....તરત જ આચાર્ય ભગવંતની સામે માજીના પગમાં પડી માફી માંગે છે. ખૂબ પશ્ચાત્તાપ કરે છે. પછી આચાર્ય મહારાજ પ્રતિષ્ઠા કરાવે છે. આમ ઔચિત્ય ન હોય તો ધર્મ ક્રિયાઓ સફળ થતી નથી....બહાર ધર્મ ગમે તેટલો કરાતો હોય પણ ઘરના કે પરિવારના લોકો સીદાતા હોય તો તે દેખાવનો જ ધર્મ છે. સ્વચ્છ અને પવિત્ર જીવન એ ધર્મનું મૌલિક સ્વરૂપ છે. શત્રુ પણ કહે કે મારે તેની સાથે વિરોધ છે પણ માણુસ સજ્જન છે. આવું જીવન હોવું જોઇએ. ધર્મને સારી રીતે આચરવાથી જેમ સારૂં ફળ મળે છે તેમ અયોગ્ય રીતે ધર્મ આચરવાથી તેનું માઠું ફળ પણ મળે છે. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શોકાંજલિ

## પદ્મભૂષણ શ્રી દલસુખભાઇ માલવણિયાનું દેહાવસાન

જૈન દર્શનના મર્મજ્ઞ, વિદ્વાન પ્રો. દલસુખભાઈ માલવણિયાનું તા ૨૮–૨–૨૦૦૦ ને સોમવારના રોજ વહેલી સવારે અમદાવાદ ખાતે તેમના નિવાસસ્થાને ૯૦ વર્ષની વયે દેહાવસાન થયેલ છે.

વારાણસીમાં પંડિત સુખલાલજી સાથે તેઓએ અનેક ગ્રંથોનું સંપાદન અને અનુવાદનું કાર્ય કર્યું હતું. તેઓએ લાલભાઇ દલપતભાઈ ભારતીય વિદ્યામંદિર, અમદાવાદમાં નિર્દેશક-પદે રહીને ભારતીય દર્શન, ધર્મ અને સંસ્કૃતિના અધ્યાપન, સંશોધન અને સંપાદન કાર્યમાં પોતાની અવિરત સેવાઓ આપી હતી ઇ.સ. ૧૯૮૪માં સંસ્કૃત ભાષામાં તેમના પ્રદાન માટે રાષ્ટ્રપતિ એવોર્ડ તથા ઈ.સ. ૧૯૯૨માં ભારત સરકારે પદ્મવિભૂષણના ખિતાબ દ્વારા તેમનું સન્માન કર્યું હતું. ભારતની જૈન અગ્રણી સંસ્થાઓએ પણ તેઓશ્રીનું 'અનેકાંત એવોર્ડ' અને 'હેમચંદ્રાચાર્ય એવોર્ડ'થી બહુમાન કરેલ.

સદ્ગતના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે એવી 'શ્રી જૈન આત્માનંદ-ભાવનગર' પ્રાર્થના કરે છે.

# શોકાંજલિ

શ્રી બળવંતરાય શાંતિલાલ શાહ ઉં. વ. ૬૪ (એસ. બળવંતરાય – કાથીવાળા) ગત તા. ૨૮–૨–૨૦૦૦ ને સોમવારના રોજ દુઃખદ અવસાન પામેલ છે.

તેઓશ્રી આ સભાના આજીવન સભ્યશ્રી હતા, અને આ સભા પ્રત્યે અત્યંત લાગણી અને મમતા ધરાવતા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ–પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લી. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# શોકાંજલિ

ભાવનગર નિવાસી શેઠશ્રી ધનવંતરાય હીરાચંદભાઇ શાહ ઉં. વ. ૬૮ (જે. ધનવંતરાય એન્ડ કુાં વાળા)નું ગત તા. ૩-૩-૨૦૦૦ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

તેઓશ્રી આ સભાના વર્ષોથી આજીવન સભ્યશ્રી હતા આ સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી અને મમતા ધરાવવા, ઉપરાંત આ સભાના અનેકવિધ માનદ્ સેવાના તેઓશ્રી હિમાયતી હતા. તેમના અવસાનથી આ સભાએ એક ઉમદા સભ્યશ્રી ગુમાવેલ છે.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે સાથે-સાથે સદ્ગતશ્રીના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લી. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર



## સાચી સંપત્તિ "સદ્ગુણો"

આપણા બાપ-દાદાઓ સંપત્તિની અલ્પતામાં પણ
જે પ્રસન્નતા અનુભવી શકયા છે
તેવી પ્રસન્નતા સંપત્તિના ઢેરના ઢેર વચ્ચે પણ
આપણે આજે અનુભવી શકતા નથી.
એનું મુખ્ય કારણ એ છે કે
એ કાળમાં પૂજાનું કેન્દ્ર "સદ્ગુણો" હતા....
આજે પૂજાનું કેન્દ્ર "સંપત્તિ" છે....
પ્રસન્નતાનો સીધો સંબંધ સદ્ગુણો સાથે છે,
સંપત્તિ સાથે નહિ.
સંપત્તિ તો સંક્લેશની-અસંતોષની જન્મદાત્રી છે
એટલે અઢળક સુખ-સાહ્યબી-સંપત્તિ વચ્ચે પણ
આજના માનવીની મુખ્ય પ્રસન્નતા અલોપ થઇ ગઇ છે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્કાર્ય તો સદાય મૌન જ હોય !

જૈન ધર્મના તીર્થંકર ભગવાન ઋષભદેવ. તેમનો પુત્ર ભરત ભારે પરાક્રમી, સ્નેહ અને વીરતાપૂર્વક તેણે પૃથ્વી પરના છ ખંડો જીતીને ચક્રવર્તીનું પદ પ્રાપ્ત કર્યું હતું.

સત્તા અને સંપત્તિનો નશો શરાબના નશાથીયે વધુ ખતરનાક હોય છે ચક્રવર્તી ભરતદેવની ભીતરમાં અહમ્ જાગ્યો. સમગ્ર ભારત ખંડના વિજેતા બનવાનું સ્વપ્ન જાગ્યું. પણ આ કાંઇ આસાન વાત નહોતી. સમગ્ર ભારત ખંડના વિજેતા બનવું એ કાંઇ નાના બાળકનો ખેલ ન કહેવાય.

ભરતે દિગ્વિજય કર્યો. અપાર સેના સાથે તે ઋષભાચલ પર્વત પાસે પહોંચ્યો. અનેક ઝરણાઓ અને લીલાછમ ઘાસથી સમગ્ર પ્રદેશ રળિયામણો લાગતો હતો. આસપાસમાં સ્ફટિકની અનેક શિલાઓ પથરાયેલી પડી હતી સ્ફટિકની એ શિલાઓ પર અગાઉ થઇ ગયેલા મહાન ચક્રવર્તી રાજાઓએ પોતાના નામ કોતરાવ્યા હતા. ભરતદેવને પણ મનમાં ગર્વ-પ્રેરિત ઝંખના જાગી. પોતે પણ એ શિલાઓ ઉપર પોતાનું નામ કોતરાવી દે.

એણે એક પછી એક એમ બધી શિલાઓ જોઇ. પણ દરેક શિલા ઉપર કોઇક ને કોઇક ચક્રવર્તીનું નામ લખેલું જ હતું. ભરતદેવ મૂંઝાયા. હવે પોતાનું નામ ક્યાં લખવું ? ત્યાં તો ભૂજબળથી તેમણે એક પથ્થર ઉપરથી અગાઉ લખાયેલું નામ ભૂંસી નાંખ્યું. ને ત્યાં પોતાનું નામ લખી દીધું.... પરંતુ બરાબર એ જ ક્ષણે ભરતદેવના અંતરમાંથી એક અવાજ પ્રગટ્યો :

રે, તું કેવો મૂરખ છે ! આજે તેં સ્ફટિકની શિલા ઉપરથી બીજાનું નામ ભૂંસી નાંખીને તારું પોતાનું નામ લખી દીધું. પરંતુ ભવિષ્યમાં બીજો કોઇ ચક્રવર્તી આવીને તારું નામ ભૂંસી નાંખશે અને ત્યાં તે પોતાનું નામ લખશે....આ પથ્થર પર નામ કોતરવાથી અમરત્વ પ્રાપ્ત નથી થતું. ને આ વિચાર સાથે જ ભરતદેવનો ગર્વ ગયો....એ જાણે તદ્દન ખાલી થઇ ગયા.... શૂન્ય થઇ ગયા.... ને એમના એ શૂન્ય મનમાં નવો શાશ્વત વિચાર પ્રગટ્યો.

અમરત્વ પામવા માટે માણસે આત્માની આરાધના કરવી જોઇએ. સ્વયંને ઓળખવો જોઇએ. સમર્પણ ભાવે જીવીને જગતમાં સત્કાર્યો કરવા જોઇએ....સત્કાર્ય રૂપે લખાયેલું નામ કાળના પ્રવાહ સામે ટકી રહે છે.

ભરતદેવ માટે એ પળ આત્મજાગૃતિની બની ગઇ.

આપણે તો તુચ્છ કાર્યો કરીને ય આરસપહાણની તખ્તીઓ લગાવડાવીએ છીએ. અમરત્વ પામવાનો કેવો વામણો માર્ગ ! ધર્મશાળાઓ અને શાળાઓ જેવા જાહેર મકાનો ઉપર ઠેર ઠેર જોવા મળતી દાતાઓના નામની તખ્તીઓનું આયુષ્ય કેટલું ?

તખ્તીની લાલસાએ કામ કરીએ તો પ્રભુને ન ગમે, ને એ સત્કાર્ય પણ ન કહેવાય. ચાલો, મૌન સત્કાર્યનો મહિમા જીવનમાં ઉતારીએ.


---

[લેખક : **શ્રી લક્ષ્મીચંદ છ. સંઘવી**ના પુસ્તક
'દૃષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર.... ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash ☐ માર્ચ-એપ્રીલ : ૨૦૦૦ ☐ Regd. No. GBV. 31



## શરીર એક..... કાર્ય બે.....

अज्ञा येन शरीरेण कर्म,
कुर्वन्ति पातकम् ॥
सुज्ञास्तेन शरीरेण,
कुर्वन्ति कुशलावहम् ॥

卐

અજ્ઞાની જે શરીરવડે પાપકર્મ કરે છે તે જ શરીરવડે સુજ્ઞ જન કલ્યાણકારી કર્મ કરે છે.

卐

The ignorant utilize their bodies in committing sinful acts, whereas the wise use their bodies in performing auspicious acts.

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
C/o. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only